CMYK

TC No.GUJBIL01010

MARKET INSIGHT

તંત્રી : એમ.જે. સીદાતર

www.marketinsight.co.in

વર્ષ : ૧ અંક : ૧ પાના : ૧૬ કિંમત રૂ.૨૫ તા.૨૪ ઓગષ્ટ ૨૦૧૪ રવિવાર ફોન નં.(૦૨૭૮) ૨૪૩૩૬૦૦ મો.૯૪૨૬૧૫૩૬૦૦



# આજના સમયની માંગ : જમીન-મિલ્કત અને મકાનમાં નાણાનું રોકાણ એક સરળ વિકલ્પ




અત્યારના આધુનિક યુગમાં નાણાનું રોકાણએ મહત્વનું કાર્ય છે. વ્યકિત પોતાના નાણાનું રોકાણ લાંબા ટાઈમના ધંધામાં કરે કે ટુંકા સમય ગાળાના ધંધામાં પરંતુ તેને જે વસ્તુની બજારમાં માગ હોય છે તેજ વસ્તુનું ઉત્પાદનએ પોતાના ધંધામાં કરે તો ટુંકજ સમયમાં ગ્રાહકોની સારી પ્રતિક્રિયા એને મળે છે. કંપનીને સારૂ વળતર મળે છે. જેવીકે નવી ટેકનોલોજીના ઈલેકટ્રોનીક સાધનો માનુ રોકાણ, ફાઈનાન્સ કંપની માનુ રોકાણ, રીયલ એસ્ટેસ રોકાણ હાલમાં તેમજ ભવિષ્યમાં સારૂ વળતર સારો એવો નફો આપી શકે છે. રોકાણ કયા કરવુંએ વ્યકિતના જીવનમાં બહુ ઉપયોગી સાબીત થાય છે. માટે નાણાનું આયોજન બધ્ધ વ્યુહાત્મક રોકાણ એજ સુખી જીવનની ચાવી છે.

ઈલેકટ્રીક સાધનો માનુ રોકાણ તમે જે પ્રોડકટ બજારમાં મુકવા માંગો છો તેનું જીવન ચક્ર કેટલુ હશે તેમાં પણ વિચાર કરવો જોઈએ. તમારી પ્રોડકટ જેટલી ટેકનોલોજીને વસી હશે તેટલુ તેનુ જીવન ચક્ર ટુંકી રહેશે. અત્યારના ઉત્પાદન અને વેચાણ માળખાને આધુનિક સંગઠિત સંકલિત અને સમન્વિત બનાવવાની જરૂર છે.

## રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ

વર્લ્ડ બેન્કના રીપોર્ટ પ્રમાણે વિદેશમાં કામ કરવા ગયેલા દેશના નાગરિકો દ્વારા સ્વદેશ નાણા મોકલવાની દષ્ટીએ ભારતે સૌથી વધુ નાણા મેળવ્યા છે.

ભારતમાં ૬,૨૦,૦૦૦ ઉપરોક્ત ગામમા મોટા ભાગના લોકો રહે છે. તેઓનો ખેતી એજ રોજગારીનું માધ્યમ છે. ખેતીએ રસકસ વિનાનો વ્યવસાય બનતા દેશમાં ખેડુતો ઘટી રહ્યા છે. ખેતી ભાંગતી જાય છે અને ગામડા તુટતા જાય છે.

પટેલ પ્રિયા ડી.
ટી.વાય.બીબીએ, બી.પી.કોલેજ
ઓફ બીબીએ કડી સર્વ વિદ્યા
વિદ્યાલયા, ગાંધીનગર



અત્યારે ભારતમાં ૪૦૦ મીલીયનથી વધારે શહેરી વસ્તી છે. એટલે કે ૧/૩ વસ્તી શહેરોમાં વસે છે.

ભારતમાં જે રીતે ગામડાઓનું શહેરીકરણ થઈ રહ્યુ છે. જેને કારણે રિયલ એસ્ટેટમાં નાણા રોકવામાં ઘણો ફાયદો થઈ શકે છે. ટેકસ પાસ થી સ્ટેટસ મંજુર રાખીને દેશમાં રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (આર થી આઈ.ટી.)ની સ્થાપનાની દરખાસ્ત આડેનો મુખ્ય અવરોધ વર્તમાન નાણાકીય વર્ષના બજેટમાં દુર કરાયો છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રે જંગી લોન આપીને હાલ દબાણ હેઠળ આવી ગયેલ બેન્કોને આના કારણે નવો માર્ગ ખુલશે ભારતની રિયલ એસ્ટેટ ક્ષેત્રનું ચિત્ર બદલી નાખશે.

વિમા ક્ષેત્રે વિશ્વની સરખામણીએ ભારત ઘણો પાછળ છે. દેશની સવા અબજની વસ્તીમાં માત્ર ૬ટકા ભારતીયો જ વિમા કવચ ધરાવે છે. એમાથી ૪.૪૦ટકા લોકો જીવન વિમાનું આવરણ ધરાવે છે. જ્યારે ૫ટકા લોકો આરોગ્ય વિમા હેઠળ છે. વિમા ક્ષેત્રે એફ.ડી.આઈ. ૨૬ટકા વધારીને ૪૯ટકા કરીને વિમા ઉધોગને વધુ ખુલ્લુ મુકી દેવાયુ છે. વિમા વેપારને ગતિશીલ કરવા રૂ.૩૦,૦૦૦ કરોડ મુડી ઠાલવી છે. એફ.ડી.આઈ. મર્યાદા વધારવાનો નિર્ણય વિમા ઉધોગનું ચિત્ર ધરમુળ થી બદલી નાખનારો સાબીત થશે.

વિકસી રહેલા આજનાયુગમાં હવે ઓનલાઈન બોલબાલા વધી ગઈ છે. ગ્રાહકો ઓનલાઈન શોપીંગ તરફ આકર્ષાય તો માટે બારેમાસ ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવતી હોય છે.

આપણા આંતરરાષ્ટ્રીય ગ્રાહકો આપણી તરફ આત્મતાપૂર્વક રસ દાખવી રહ્યા છે. તેમની પાસે ભરપુર નાણા છે. અને જોખમ ઉઠાવવાની રૂચી પણ ધરાવે છે તેઓ ભારતની આર્થીક પ્રગતીના હિસ્સેદાર બનવા માંગે છે તેમના માટે લાલજાજમ નહી પરંતુ સાનુકુળ વાતાવરણ ઉભુ કરી આપશું તો પણ ચિત્ર બદલતા વાર નહી લાગે.